સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

વાતચીતમાં હંમેશાં આઘાતો આપી જાય છે,
ઉલ્લંઘીને મર્યાદાઓ ધીરજ માપી જાય છે,
ચાંપી જાય છે જામગરી જિયારત બહાને -
નાક તો કાપે રોજ, હવે માથાં કાપી જાય છે!

હાઈકુ

વજુભા વાળા
- નો હાસ્ય દરબાર,
= વિધાનસભા..

મળે વિજય!
હીરો હેરોઇનના -
શ્રી વિજયેન્દ્ર!!

ચિંતન

દ્વાવિમૌ પુરૂષૌ લોકે સૂર્યમંડલ ભે દિનો ।
પરિવ્રાગ યોગયુક્તશ્ચ રણે ચાભિમુખો હતઃ ॥

'આ લોક એવા બે વ્યક્તિ છે જે સૂર્યમંડળને પણ પાર કરી જઇને ઉત્તમગતિને પ્રાપ્ત કરે છે : એક, બધા જ પ્રકારની તૃષ્ણાઓ-ઇચ્છાઓનો ત્યાગ કરીને જે યોગી-સાધુ-પરિવ્રાજક બ્રહ્મમાં જોડાયેલો રહે છે તે અને બીજો જે રણસંગ્રામમાં સામી છાતીએ લડીને વીરત્વ'ને પ્રાપ્ત કરે છે તે.'

આજકાલ સંત-મહાત્માઓ ગૃહત્યાગ કરી સાધુ તો થઇ જાય છે પણ ત્યાગ પછી સાધુત્વમાં ફરી નવો સંસાર ઊભો કરે છે. વૈભવશાળી એરકન્ડીશન્ડ આશ્રમ, ગાડીઓ, ગૌશાળા-રસોડાં, દવાખાનાં-નિશાળ અને બધા સ્ટાફનો 'વહીવટ' નો નવો 'સંસાર' શરૂ થઇ જાય છે. આમાં 'ત્યાગ' ક્યાં આવ્યો. ક્રોધ - અને આર્થિક વહેવારો તો કરવા જ પડે. દાનની માગણીઓ કરવી પડે - તમામ પ્રકારની તૃષ્ણાનો ત્યાગ કરી માત્ર 'બ્રહ્મ'ની ઉપાસના જ સાચો ત્યાગ છે.

યુધ્ધમાં જે જીવની પરવા કર્યા વિના સામી છાતીએ ધર્મ યુધ્ધ કરે છે તે વીર છે. દેશ માટે, ધર્મ માટે, સત્ય માટે જે પ્રાણની પણ પરવા કર્યા વિના લડે છે તે જ સાચો વીર છે.

સાચો ત્યાગી અને વીરયોધ્ધા સાચી વીરગતિ ને પામે છે.

સુવિચાર

- સારા વિચાર કરવા એ આંતરિક સૌંદર્ય છે - **સ્વામી રામતીર્થ**
- જો સ્વભાવ સારો હોય તો સૌંદર્યની ખામીને ઢાંકી દે છે પણ માત્ર સૌંદર્ય ખરાબ સ્વભાવની ખામીને ઢાંકી નથી શકતું - **એડિસન**
- જગતમાં સાચું અને સ્વભાવિક સૌંદર્ય પ્રામાણિકતામાં અને નૈતિક સચ્ચાઇમાં જ છે - **અનામી**
- સૌંદર્ય એક શક્તિ છે અને સ્મિત તેનું શાસ્ત્ર - **વાર્ન્સ રીડ**
- સૌંદર્ય માટે પ્રસન્નતાથી શ્રેષ્ઠ બીજો કોઇ શણગાર નથી - **લેડી બૌલિંગ્ટન**
- સૌંદર્ય - સદાય આનંદનો અગાધ સ્રોત છે - **સુવાક્ય**
- સૌંદર્ય એ જ સત્ય, સત્ય એ જ સૌંદર્ય - **જહોન કીટસ્**
- સૌંદર્યને માણવા માટે મન, આંખ અને હૃદયનું સૌંદર્ય પણ જરૂરી છે- **એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

નાના બેંકના કર્મચારીમાંથી એક મોટી બેંકનાં અધ્યક્ષપદ સુધી પહોંચેલા એક સફળ અધિકારી નિવૃત્ત થતા હતા. એમનાં સન્માનમાં બેન્ક તરફથી જ વિદાય માટે સન્માન-સમારંભ યોજાયો હતો.

અંતે, ત્રણ ચાર પત્રકારો એ એમને પ્રશ્નો કર્યા.

સાહેબ, આપની સફળતાનું રહસ્ય શું છે?

અધિકારીએ સસ્મિત જવાબ દીધો. બે શબ્દો માં જ એ રહસ્ય સમાયેલું છે.

એ શબ્દો ક્યાં! પત્રકારે પૂછ્યું.

સાહેબ - 'સાચો નિર્ણય'

પત્રકારે ફરી પૂછ્યું - પણ તમે એવા સાચા નિર્ણય કેવી રીતે લઇ શક્યા?

અધ્યક્ષે કહ્યું - એનો જવાબ હું એક શબ્દમાં જ આપીશ અને એ શબ્દ છે - 'અનુભવ'.

પત્રકારે ફરી પૂછ્યું - પણ આપને આવા અનુભવ મળ્યો કેવા કેવા પ્રસંગોમાંથી - પત્રકારોને વાત લાંબી કરવી હતી અને 'મસાલો' જોઇતો હતો પણ સાહેબ તો સદાય માટે મિતાક્ષરી જવાબ આપનારા જ હતા. એણે કહ્યું એનો જવાબ પણ હું તમને બે શબ્દમાં જ આપીશ.

પત્રકારોનાં કપાળમાં કરચલીઓ ઉઠી.

સાહેબે કહ્યું - એ અનુભવ મને મળ્યો - 'ખોટા નિર્ણયો' માંથી...

સતત ધબકતા આ યુવાન જીવન સ્વપ્નની ફલશ્રુતિ માટે મનન ચિંતન કરતાં કહે છે કે, "નિશ્ચિત ધ્યેય બનાવીને, રોજ ધ્યેયને પૂર્ણ કરવા તેની પાછળ પડવું"

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

પરિવાર, સમાજ, મિત્રો અને વ્યવસાય વચ્ચે સતત ધબકતાં રહેતા બાહોશ યુવાનનું નામ છે. યોગિન છનિયારા.

તા. ૨૬-૦૮-૧૯૭૪ના દિને કવિઓ ઝવેરચંદ મેઘાણી અને બોટાદકરના ભાવનગર જિલ્લાના ગામ બોટાદે જન્મેલા યોગિનને પિતા મનહરભાઇ અને માતા સુશીલાબહેન પાસથી સંસ્કાર વારસો પ્રાપ્ત થયો છે. જામગનર જિલ્લાના ધ્રોલ પાસેનું જોડિયા ગામ તેમનું વતન છે.

બી.કોમ સુધીનો ઉભ્યાસ કરી ચૂકેલા તરવરિયા શખ્સના ધર્મ પત્ની કવિતા પણ બી.એસસી. હોમ સાયન્સની ઉપાધિથી સજ્જ છે. સંતાનોમાં બાર વર્ષના સુપત્ર સિધ્ધાર્થ અને છ વર્ષની સુપુત્રી કર્તવી છે. કોમ્યુટર યુગ અંગે મંતવ્ય આપતા યોગિન કહે છે કે, "કોમ્યુટર ૨૧મી સદીની સૌથી અગત્યની શોધ છે અને સાંપ્રતકાલિન યુગમાં દરેક વ્યક્તિ માટે અનિવાર્ય અંગ બની રહ્યું છે."

ઝડપી સમયમાં અતિ વ્યસસ્તતાની વચ્ચે વાંચનનો સમય બચાવી લેતાં આ યુવાનને ડિસ્કવરી, નેશનલ જયોગ્રાફી, સિરીયલ પ્રિય છે. પોતાના ઇષ્ટદેવમાં શ્રધ્ધા રાખવી, અગિયારસનું એકટાણું કરી લેનારના મનમાં કંઇક ઉત્તમોત્તમ કામ કરી છૂટવાના ધોડા અવશ્ય દોડતાં હશે. એમ હું માનું છું. એમનાં તરવરાટને મેં જોયો છે, અનુભવ્યો છે અને એટલે જ નીચેની પંક્તિઓથી કહી શકાય કે,

ચડી ઊંચે ઊંચે અતલ નભ માટે જ વિહરૂં,
શશી તારા ભેટી રવિકિરણ શુ ંગોઠડી કરૂં.

જગતને કંઇક આપવાની પ્રબળ ઇચ્છા ધરાવનાર શ્રી છનિયારા ને પોતાનાં ઇષ્ટદેવમાં સંપૂર્ણ શ્રધ્ધા છે. સ્વામિનારાયણ ભગવાનની પૂજા પણ કરી લે છે, અહીં, કહેવત મુજબ વાત કરવાનું મન થાય છે કે, "ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે." માત્ર આડત્રીસ વર્ષની વયે વિદેશમાં અમેરિકા ખંડ સિવાય બધે પ્રવાહ ખેડ્યો છે. ભારતનાં તમામ રાજયોમાં પર્યટનો, પ્રવાસો કર્યાં છે. બહુમુખી પ્રતિભાના આ માલિક મશીન ટુલ્સ મેન્યુફેકચરીંગ એસોસીયએશનમાં ડાયરેકટર પદે અને દિલ્હી પબ્લીક સ્કૂલ,રાજકોટના વાલી મંડળમાં ખજાનચી તરીકે સેવા આપી રહ્યાં છે.

હૃદયસ્પર્શી અકસ્માત વર્ણવતા યોગિન છનિયારાએ કહેલું, "અક્ષર પુરૂષોત્તમ મંદિર, કાલાવાડ રોડ, રાજકોટમાં પ્રમુખ સ્વામી માટે લીફ્ટ બનાવવાનું કાર્ય, છનિયારા એન્જીનીયર્સ, ગોંડલ રોડ ખાતે ચાલતું હતું. લિફ્ટ તૈયાર થઇ ગયા પછી લીફ્ટની ટ્રાય લેવાની હતી. હું, બે કારીગરો અને એક વૃધ્ધ દાદા લીફ્ટમાં બેઠાં હતાં. લીફ્ટનાં ગીયર તૂટી જતાં અમે ઉપરથી નીચે પડ્યા. પણ નસીબદાર કે કોઇનો હાથ બહાર નીકળ્યો નહીં જાનહાની ન થઇ. કારીગરને ફ્રેંક્ચર થયું. દાદાને થાપામાં વાગ્યું અને મારા ચશ્મા તૂટી ગયાં હતાં." ઇશ્વર, દેવ કે ગુરૂ તરીકે સ્વામીનારાયણ ભગવાન અને તેમનાં પ્રાગટ્ય ગુરૂ પ્રમુખ સ્વામી પર અપાર વિશ્વાસ ધરાવતાં યોગિન પોતાનાં વ્યવસાયમાં સતત જાગૃત છે. બેંકકોકથી ગારમેન્ટ ઇમ્પોર્ટ કરીને રીટેલ તથા બધા ગારમેન્ટ બ્રાન્ડસને હોલસેલ સપ્લાય કરવામાં આવે છે. ચાઇનાથી રીટેલ ડિસ્પલે ફર્નિચર આફ્રિકા તથા યુ.એ.ઇ. માં એક્ષ્પોર્ટ થાય છે.

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિનાં ટ્રસ્ટી તેમજ ગુર્જર સુતાર કન્યા છાત્રાલયમાં પ્રમુખ પદે જીવંત રીતે કાર્યરત આ યુવાનની અદમ્ય ઇચ્છા હતી કે જ્ઞાતિ માટે વિશ્વકર્મા દાદાનું વિડિયો આલ્બમ બને અને તેમની ઇચ્છા સાકાર થઇ. જીવતાં તો ઘણાં હોય છે. પણ ઘણી ખુંવારી કરીને ખમારીથી જીવવાનું યોગિન છનિયારા પાસેથી અવશ્ય શીખી શકાય. બહુમુખી પ્રતિભાનાં અનેક પાસાઓમાં એક સુંદર પાસું છે, તબલા વગાડવાનો શોખમાં તેઓએ વિશારદની ડીગ્રી મેળવી છે. જેમના જીવનમાં ચિત્ર, સંગીત અને કળાનો સમન્વય થયો હોય, એમનું વ્યક્તિત્વ અનોખું જ હોય છે.

ઢોલના તાલની સાથે જેમનું હૈયું નાચતું હોય, એને રાજકોટમાં સતત ૧૪ વાર નવરાત્રી સમયે પ્રિન્સનું બિરૂદ મલે જ. એ સહજ સુખદ ઘટના છે અને ગૌરવ છે. શ્રી યોગિન છનિયારાના ઉત્તમ વિચાર બીજ આ પ્રમાણે છે :

"જીવન ટૂંકું છે. ઉમદા કાર્યો કરી જીવન સાર્થક બનાવીએ, જીવનમાં વિશાદ નહીં આનંદ કરવો જોઇએ. ખોટાં કાર્યો કરી થાકી જવું એનાં કરતાં સર્જન અને પરમાર્થના કાર્યો કરવા. વ્યક્તિએ જીવન અને વ્યવહારમાં અહંકારને પ્રોત્સાહન નહીં આપવું જોઇએ. પરંતુ સૌનો આદર - સત્કાર કરવો, નિખાલસ ભાવ કેળવવવો અને મન મોટું રાખી જવું કરવાની ભાવના રાખવી જોઇએ."

સકારાત્મક અભિગમના ઉપાસક તરવરીયા યુવા ઉદ્યોગકાર યોગિન છનીયારા

ગુર્જર સુતાર જ્ઞાતિ, રાજકોટમાં પ્રતિષ્ઠા, પ્રદર્શન કે નામના કે પ્રતિષ્ઠા મેળવવાનો મોહ રાખ્યા વિના નિઃસ્પૃહી બની કાર્ય કરવું અને રાજકોટ અને બહારગામ જયાં તક મળે ત્યાં દાન કરી લેવું એવી સભાનતા રાખનારા આ ઉદ્યોગકારને સુપર માર્કેટ, મોલ તથા ગારમેન્ટ, ફર્નિચર બનાવતી છનિયારા એન્જીનીયર્સ પ્રા. લી.ના યુવા ઉદ્યોગપતિ તરીકે દિલ્હીની અબાર્ડ દ્વારા ભારતનો પ્રતિષ્ઠિત "રાષ્ટ્રીય ઉદ્યોગ રત્ન" એવાર્ડ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અનિલ ભારદ્વાજ, મેમ્બર ઓફ પાર્લામેન્ટ જયનારાયણ નિશાદ, ડેપ્યુટી સ્પીકર દિલ્હી, વિધાનસભામાં અંબરીશ ગૌતમ, પાર્લ સેક્રેટરી ચીફ મિનિસ્ટર નરવિંદસિંહ મારવાહ, મેજર જનરલ વી.પી ચતુર્વેદી, યુનિ. મિનિસ્ટર ઓફ પેટ્રોલિયમ સત્યપ્રકાશ માલવીયા. સી.બી.આઇ. ડાયરેકટર વી. એન. સેહગલના હસ્તે નેશનલ સેમિનારમાં દિલ્હી ખાતે આપવામાં આવ્યો હતો.

જાતે કરવું, જાતે રળવું, જાત વિના સૌ જૂઠ્ઠુંજી,
જાતે ઝૂકવું, જાતે વધવું, જાત વડે ઉધ્ધરવુંજી

સતત ધબકતા આ યુવાન જીવન સ્વપ્નની ફલશ્રુતિ માટે મનન ચિંતન કરતાં કહે છે કે, "નિશ્ચિત ધ્યેય બનાવીને, રોજ ધ્યેયને પૂર્ણ કરવા તેની પાછળ પડવું."

યોગિન છનિયારા પોતાના નિશ્ચિત ધ્યેય સુધી પહોંચે, સમાજ, રાષ્ટ્રની સેવા કરતાં રહે અને ચારેય દિશાએથી શુભ વિચાર પ્રાપ્ત કરતાં રહે. તેવી શુભેચ્છા - અભિનંદન.

તેમનો મો. નં છે : ૯૮૨૫૦૭૫૦૨૩

સાંસ્કૃતિક પ્રોગ્રામ, કલા, સાહિત્ય વિગેરે અંગેની રસપ્રદ વિગતો વાંચવા મળતી હોય અને ટૂંકમાં ગાંધીનગરની પહેચાન હોય તેવાં ન્યૂઝપેપર માટે માસિક પચાસ-સાઇઠ રૂપિયાની કરકસર?!

આજે બારમી માર્ચે "ગાંધીનગર સમાચાર"નો બર્થ ડે છે તે નિમિત્તે -

"Happy Birthday to Gandhinagar Samachar" ની શુભેચ્છા પાઠવી ચાલો, આજના લેખની શરૂઆત કરીએ!

યોગાનુયોગ (નિયમિત રીતે અનિયમિત!) આ કોલમમાં આજનો આ લેખ ૨૦૦મો લેખ છે. તે બદલ આ લખનાર "ગાંધીનગર સમાચાર" તેમજ વાંચકોનો આભાર સાથે અભિવાદન કરે છે.

તો ચાલો હવે હું લખવાનું શરૂ કરૂં છું, તમે વાંચવાનું શરૂ કરો!

ગઇ કાલે મોર્નિંગ વોકમાં પુનિતવનમાં જતાં એક સુંદર દૃશ્ય જોઇ કાળઝાળ ગરમીની સીઝનમાં આંખને ઠંડક થઇ!

(પુનિતવનની સુંદરતાનું પરીકથાની રાજકુમારી જેવું છે! દિવસે અને રાત્રે વધારો થતે જ રહે છે!

અમિતાભ બચ્ચ જો પુનિતવન આવે તો બોલી ઊઠે -

"પુનિતવન નહીં દેખા તો કુછ નહીં દેખા!")

પુનિતવનનાં એક વિસ્તારમાં એક સાથે પાંચ મોર અને દશ ઢેલ જોવા મળ્યાં! તેમાં પણ હતું એવું કે દરેક મોરની આસપાસ બે ઢેલ હતી! (પતિ, પત્ની ઔર વો!) એક એકદમ નજદીક અને બીજી ઘણી દૂર! આ જોઇને અમને બાળપણમાં સાંભળેલી એક વાર્તા યાદ આવી ગઇ! એક રાજાને બે રાણી હતી - એક માનીતી અને બીજી અણમાનીતી!

એટલે પશુ-પક્ષી-પ્રાણી (મનુષ્ય એ સામાજિક પ્રાણી છે!) એમ બધેજ આવું બનતું હોય છે! ગાંધીનગરમાં પણ બની શકે! પરંતુ મૂળ વાત આ નથી! વાત છે વધતાં જતાં ક્રાઇમ અને ક્રાઇમ રેઇટની!

દિલ્હીના બહુચર્ચિત "દામીની" કે "નિર્ભયા" ના ગેંગરેપ પછી તો દેશનાં દરેક ભાગમાં આવા કેસ ચોરેને ચૌટે બની રહ્યાં છે - ઉલ્ટાના વધી રહ્યાં છે!

આ અંગેના ગલ્ફ દેશોમાં કાયદા સારા અને પ્રેક્ટિકલ છે!

ચોર પકડાયો - હાથ કાપી નાખો!

મહિલાની બેઇજ્જતી કરનારો પકડાયો - જાહેરમાં પથ્થર મારી મારીને ખતમ કરો! Instant ચુકાદો! Two Minitues નુડલ્સની ઝડપે!)

આપણે ત્યાં ફક્ત આવો એ જ ટેસ્ટ કેસ કરવાની જરૂર છે - ગુન્હામાં પચાસ ટકાનો ઘટાડો તાત્કાલિક થઇ જાય! એ તો એન્કાઉન્ટર જ કરવો પડે! તો જ દિલ્હીમાં "નિર્ભયા" નિર્ભય બનીને ફરી શકે! પછી તમે એન્કાઉન્ટર કરવા વાળાને જેલમાં નાખો તે ન ચાલે! એનો બચાવ કરવાની જવાબદારી સરકારની અને સમાજની બની જાય!

આવી ઇન્સ્ટંટ કડક સજા ફટકારાય તો કોઇ BMW કાર વાળાની મજાલ છે કે ૧૫૦ કિલોમીટરની ઝડપે યુ-ટર્ન લે?!

પછી તો તે હાઇ-વે પર પણ ૫૦ કિ.મી. ની ઝડપે ગાડી ચલાવતો થઇ જશે!

અમદાવાદના વિસ્મત શાહની BMW કારના કેસ પછી તો દેશમાં દિલ્હી, નોઇડા; 'જિલ્લા ગાઝિયાબાદ' એમ ઠેર ઠેર BMW કાર ચાલકોએ કેર વર્તાવ્યો છે! ગાંધીનગર- અમદાવાદમાં તો ઘણી પત્નીઓએ પોતાના પતિદેવોને સૂચના આપી દીધી છે કે -

- BMW કાર સામેથી આવતી જુઓ તો તરત રસ્તો બદલી નાખજો!
- રસ્તો બદલવાને કારણે ઓફિસમાં પહોંચવામાં મોડું થાય તેમ હોય તો રજા મુકી દેજો!
- ભૂલેચૂકે પણ યુ-ટર્ન લેતાં નહીં! કદાચ લેવાની જરૂર પડે તો તમારી પોતાની સ્પીડ "ઝીરો" કરી નાખજો! એટલે કે ઉભા રહી જજો!

હળવાશની ક્ષણોમાં!
ભાંગ પીધી છે જાણી જાણી!
- ચિત્રસેન શાહ

- પરિસ્થિતિ અચિંતી જ "વળાંક" લે તો તમારે સીધા રસ્તે ચાલ્યા જવું!

અમદાવાદના વિસ્મય શાહના ડોકટર પિતાશ્રી પણ "એકના ડબલ" કરવાવાળાની જમાતના જ છે!

તેમણે બીજા ઘણાં કૌભાંડોની સાથે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટનું સ્કેન્ડલ પણ કરેલું છે! જે માણસ ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ બનાવતો હોય તે આંખનાં સર્જન ડોકટર તરીકે ઓપરેશન કરતી વખતે પેશન્ટની આંખમાં ડુપ્લીકેટ I.O.L (ઇન્ટ્રા ઓક્યુલર લેન્સ) બેસાડતો નહીં હોય તેની પણ શું ખાત્રી?! અલંકારીક ભાષામાં આને "પેશન્ટની આંખમાં ધૂળ નાખવી!" એમ પણ કહી શકાય!

ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટને કારણે લાખો ઇન્વેસ્ટરોનાં પૈસાનું પાણી થઇ ગયું અને શેરની વેલ્યુ "ઝીરો" થઇ ગઇ!

ત્યારે લોકોને "ઝીરો - શૂન્ય"ની વેલ્યું સમજાઇ હશે! અને ત્યારે જ તેમને શૂન્યના શોધક આર્યભટ્ટ યાદ આવ્યા હશે!

(એ લોકો કદાચ એમ તો વિચારતાં નહીં હોય ને કે આર્યભટ્ટે "શૂનય"ની શોધ કરી જ ના હોત તો તેમનાં શેરની વેલ્યુ શૂન્ય થાત જ નહીં!)

ચાલો, હવે બહું થયું! આ લેખની દશા અને દિશા બદલીએ!

"ગાંધીનગર સમાચાર"ના જન્મદિન પ્રસંગે અમારા એક મિત્ર તેમનાં એક પરિચિત પાસેથી "સંકલ્પ પત્ર (!)" લઇ આવ્યા! સંકલ્પ પત્ર પ્રમાણે તેમનાં પરિચિતે સંકલ્પ લેવાનો હતો કે - "હવેથી હું વધારાના એક ન્યૂઝ પેપર માટે માસિક પચાસ-સાઇઠ રૂપિયાની કરકસર કરીશ નહીં!"

વાત જાણે એમ છે કે -

(અનુસંધાન પાના નં. ૭ પર)

રાજકારણમાં આવા ધુતારાઓને આજે સહન કરી લેશો તો કાલે સવારે તમને કયાંયનાં નહીં રાખે, ત્યારે કહેજો મારે શું?

વિચાર યાત્રા
- જય ઓઝા

અરે જવા દો ને યાર! મારે શું? મારે એમાં કેટલાં ટકા? મારૂં શું બગડી જવાનું છે? મારે ક્યાં કોઇ લેવા દેવા છે?

આખા દેશમાં ભ્રષ્ટાચાર ચાલ્યા કરે છે, તો ચાલવા દો, મારે શું? લોકો ભૂખથી મરી રહ્યાં છે, મારે કેટલા ટકા? ડોનેશનિયા સેલ્ફ ફાયનાન્સ કોલેજોની માર્કેટમાંથી લાયકાત વગરની પ્રોડક્ટ (ડોકટર, એન્જિનિયર) બહાર નીકળી રહી છે, So What? પણ મારે શું? થવા દો ને જે થવું હોય તે, હું સાધારણ માનવી આ બધી પળોજણાં પડું પણ શું કામ? મારે મારી જંજાળ ઓછી છે કે આ બધું વિચારવા બેસું!

રાજકારણીઓ બૂમો પાડી પાડીને એકબીજાની ભાટાઇ કરવામાં અને એટલી જ ઝડપથી એકબીજાને ભાંડવામાં પાછું વળીને જોતા નથી. પ્રાથમિક શાળાનાં પગથિયાં ઉતરી ગયા પછી ફરી વિદ્યા ઉપાસના કરવામાં જેમણે પોતાનો કિંમતી સમય બગાડ્યો નથી પરંતુ મેદાનમાં કબડ્ડીની રમતમાં મહારથ મેળવ્યા પછી હવે રાજકારણનાં અખાડામાં એ જ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરી રહ્યાં છે એવા આપણાં રાજકારણીઓ! આપણા દેશનું સુકાન સંભાળે છે, પણ તે શું થયું? મને શું ફરક પડે છે? ૯ થી ૫ ની નોકરી અને હું ૬ વાગે આવીને ટી.વી. પર આજતકની ખીટપીટ, સિયાલીટી શોનાં નાટકીયા ડેંડાર, એકતાની ભાંગભોડીયા - સિરિયલ, છોકરાઓનાં હોમવર્કની ચિંતા, શાક-દૂધનાં પૈસાનો હિસાબ, ટી.વી. ફીઝ, બાઇકના હપ્તાનો ગોઠવણી અને ઘરવાળી સાથેની ચડ-ભડમાં દિવસ જાય છે! આવા કામોના ભાર વચ્ચે ઇંગ્લેન્ડ સામેની નાલેશીજનક હાર, તેના કારણભૂત બેટ્સમેન, બોલર કે કોચની ચર્ચા, ઉંદર - બિલાડીની જેમ ચબરાક નેતાઓનાં નિર્ણય વિશેનાં મંતવ્ય હોય; ન્યૂઝ ચેનલ પર ઓપિનિયન માગતા ચેનલવાળા, 'હા' કે 'ના' ટાઇપ કરીને ૪૨૦ પર મોકલવાનું કહે! મહિને મોબાઇલ બિલ તો મારે ભવાનું ને! પણ મારે શું?

આખા દેશમાં સૌથી સુરક્ષિત રાજય આપણું ગુજરાત છે! જયારે દિલ્હીમાં સાંજે છ પછી બહેન દીકરીઓ બહાર નીકળે તો શું થાય છે, તેનો કારમો પરિચય આપણને મળી ચૂક્યો છે. પૂર્વના બધા રાજયો તો જાણે કોઇ બીજા દેશનો ભાગ હોય તેમ ત્યાં જઇએ તો પૂછે કે - 'તમે ભારતમાંથી આવ્યાં? આવી તો હાલત છે બીજા રાજયોની' અને વળી પાછી શાંતિની અને માનવ અધિકારની વાતો આપણને સમજાવવા આવે છે. આખી દુનિયામાં અશાંત રાજય તરીકે બદનામ કરનારા દંભી લોકો છડેચોક ગુજરાતને ગાળો આપે છે! પણ મારે શું એમ! ભલે ને બોલતા! મારે ક્યાં કોઇ દેખીતો ગેરલાભ થવાનો છે?

પણ ના હો ઘણીવાર પાછું થાય કે આ બધાને ખખડાવી નાખું! મારા રોયા શું અમને મૂરખ સમજે છે? આ પ્રસારણ માધ્યમો, ટી.વી. વાળાને ધમકાવી દેવાનું મન થાય છે! ચોવીસ કલાક ન્યૂઝ ચેનલ ચલાવવા માટે ભોપાલની ભાગોળમાં ભમરી ભેંસે સુંદર પાડીને જન્મ આપ્યો એ ન્યૂઝ એક્સક્યુઝીવના ઝબકારા સાથે સંવાદદાતા રજૂ કરતો હોય છે! તો બીજી બાજુ સમાંતર રીતે હોલીવુડની કોઇ અનામી હિરોઇનને બેબી બોર્ન થઇ તેની જલેબી બીજી ચેનલવાળા વહેંચતા હોય! અરે ભાઇ! અમારે ક્યાં એમને કાટલું મોકલવું છે કે ગામમાં ઢંઢેરો પીટાવો છે! પછી પાછું થાય કે જવા દે ને યાર, મારે શું?

અને આ સિયાલીટી શો નાં આયોજકો મળી જાય ને તો બધાને લાઇનમાં ઊભા રાખીને ઊઠ-બેસ કરાવું - અલા ભાઇ! ખાલી ખાલી ત્રણ જજને બેસાડીને જે ગાવા - નાચવાનો ડેંડાર દેખાડો છો, તેનો કોઇ અર્થ ખરો! ઇન્ડિયન આઇડલમાં ફલાણા સિંગરને જીતાડવા, એમ.એમ.એસ. કરો. નચ બલિયેમાં ફલાણી જોડીને જીતાડવા એસ.એમ.એસ. કરો, - કેમ ભાઇ! અમે તો કાંઇ ગધેડી પકડી છે? પછી પાછું થાય કે જવા દે ને મારે શું?

અને આ છાપાવાળાઓને કહેવાનું મન થાય કે જો ખબર ના મળતી હોય તો છાપા બંધ કરો, ચોપાનિયા છાપો, પણ રોજ સવારે ઊઠીને, સલમાન-શાહરૂખનો ઝઘડો, સચીનની ગ્રહદશા ખરાબ! અનિલ અંબાણી અને મુકેશ અંબાણી નો ગજગ્રાહ... આ બધા સમાચારોનો મારો ચલાવી ચલાવીને અધમૂઆ શા માટે બનાવી દો છો? પણ પછી પાછું થાય કે જવા દે ને યાર! મારે શું?

અને ઓ એકતાબેન તમને ખબર છે? આજકાલ જે છોકરીઓ જન્મે છે તેનાં નામ તુલસી, પ્રેરણા, પાર્વતી પછી મોના, નિધિ કે મૌલી પાછી શકાતા નથી. લગ્ન પછી છૂટાછેડા ફરી પાછા લગ્ન આ પ્રક્રિયા તો હવે કોઇ સ્થળે પહોંચવા માટે શટલિયા રીક્ષા બે ચાર વાર બદલીએ તેમ બે-ચાર પતિ કે પત્ની બદલાય છે. કોમોલિકા - મંદિરા કે પલ્લવી - જેવા સ્ત્રી પાત્રો જ વિલન હોય, સીતા અને સાવિત્રીનાં દેશમાં મંથરા અને કૈકયીને આદર્શ બનાવવા માગતી. ઓ બેન! તમે થયું છે શું? પછી પાછું થાય કે જવા દે ને યાર! મારે શું?

પણ યાદ રાખજો શિક્ષણની આવી જ હાલત રહી તો કાલે ઊઠીને તમારા સંતાનની યોગ્ય લાયકાત હોવા છતાં તેને એડમિશન નહીં મળે! ત્યારે કહેજો મારે શું?

રાજકારણમાં આવા ધુતારાઓને આજે સહન કરી લેશો તો કાલે સવારે તમને કયાંકનાં નહીં રાખે, ત્યારે કહેજો મારે શું?

આવી સિરિયલોનો મારો ચાલુ રહ્યો તો તેની અસર ઘરમાં સાસુ-વહુ, બહેન-દિકરી પર પડે ત્યારે કહેજો ...કે મારે શું? પ્રસારણ માધ્યમોનાં સમાચાર અને કાર્યક્રમો જોઇને છોકરા વંઠી જાય પછી કહેજો કે મારે શું? આજે ગુજરાતને ગાળો દેનારા કાશ્મીરમાં આતંક ફેલાવનારા, ગમે ત્યાં ભરબજારમાં બોમ્બ વિસ્ફોટ કરનારા ઘોળા બગલા કાલે તમને ગોળીએ દેશ ત્યારે કેવી રીતે કહેશો કે -

જવા દો ને યાર! મારે શું?